# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૩૬ • તા.૧૭ ડિસેમ્બર થી ૨૩ ડિસેમ્બર ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# દિવ્યાંગ સમિતિ દ્વારા



# ‘આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ’ની અનોખી ઉજવણી






# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સુખી માણસ બીજાના સુખનો વિચાર કરે

ધર્મનો બોધ છે કે બીજાનું સારૂં કરો તો તમારૂં સારૂં થાય. માત્ર ધન, પદ, પ્રતિષ્ઠાથી માણસ મહાન બનતો નથી. માનવીના કર્મ, સારા વિચાર અને સારી ભાવના એને ઉચ્ચ ભાવ પર પહોંચાડે છે. આ જગમાં એ જ માણસ મોટો છે જે બીજાના સુખનું વિચારે છે. પોતાના સુખનો જોનાર સ્વાર્થી છે પણ, અન્ય જરૂરત વાળાના સુખની કાળજી રાખનાર પરમાર્થી છે. નિસ્વાર્થી ભાવ અને ત્યાગ વગર મોટાઈ મેળવી શકાતી નથી. કોઈ પણ વ્યક્તિ આપ મેળે મોટો થઈ જતો નથી. કુટુંબ અને સમાજના સહકાર અને નાના માણસોના ટેકા વડે પ્રગતિ સાધી આગળ વધતાં જઈ મોટો બને છે. તેને શિખર પહોંચાડવા પાછળ જે વ્યક્તિઓ જહેમત ઉઠાવી છે. તેના ગુણ, ઉપકાર ભૂલી જવા ન જોઈએ. બીજાને સહારે ઉપર આવનાર જ્યારે અવગુણી થઈ તેને ટેકો આપનારને ભૂલી જાય છે. ત્યારે તેની મોટાઈ ખોટાઈ બની જાય છે. આ દ્રોહ છે. વિશ્વાસ હનન છે. પરિવારજનો, મિત્રો અને સમાજની સારી વ્યક્તિઓનું ઋણ માથે લેનારએ કોઈ પણ રીતે એ કરજ ઉતારી હળવું થવું જોઈએ. દાન, સેવા કે સમર્પણ અથવા સહાય કરીને સહયોગ માર્ગદર્શન દ્વારા ભલું કરવું એ જ સાચું માનવ ધર્મ છે.

માણસ સંઘર્ષ કરીને સફળતા પામે છે. શરૂઆત કાળ માં માંડ માંડ નાનકડી મૂડી જમા થાય એ માટે ઘણો ભોગ આપવો પડે છે, ઘણી કઠોર મહેનત, રાત-દિવસ એક કર્યા બાદ જે પૂંજી એકઠી થાય એનું રોકાણ બુદ્ધિ વાપરીને કરાય તો તે જમીનમાં વાવેલા બીજનું જે કાર્ય હોય એ કરે છે અને ખણખણતા નાણાં જમા થાય છે. ''પૈસાના ઝાડ નથી ઉગતાં'' એ કથન એ રીતે સાચું છે. થોડી ઘણી મૂડી જમા થઈ હોય તેને જતનથી જાળવી હોય તો સમયાંતરે મોટો ભંડોળ સર્જી દે છે નહિં તો એ જમા પૂંજી પાણીની જેમ હાથમાંથી સરી જઈ નજર સામેથી નિસરી જાય છે.

માનવીની ઉણપો અને ક્ષતિઓ ધનના ઢગલા નીચે ઢંકાઈ જાય છે. નાણાંવાળો સમર્થ ગણાય ભલે પણ તેના દોષ ઝટ નજરે આવી જાય છે. ધન એ જીવનની જરૂરિયાત છે. ભલે સાચી વાત છે પણ એ કંઈ સર્વે સર્વ નથી. તમામ સુખોને સાચાં સંબંધો પૈસાથી મળતાં નથી. દરેક વસ્તુની મર્યાદા હોય છે. તેમ જ્ઞાન, શક્તિ, સમજ અને ઉદારતા હોવા જરૂરી છે. નમ્રતાનો ગુણ એનામાં ન હોય તો તેની કિંમત કોડીની હોય છે. પૈસાથી સર્વે સાધનો, સગવડ મળે છે. પણ સુખ મળતું નથી. સાચો સંબંધ મળતો નથી.

સફળ જીવનનો હાર્દ સુખી થવામાં ને અન્યને સુખી કરવામાં નિમિત બનવામાં છે. જીવનમાં કશું પણ આપ્યા વગર મેળવી શકાતું નથી. જે જેવું વાવે છે તેવું તે લણે છે. જ્ઞાતિ, સમાજ પાસેથી કે સગા સંબંધીઓ પાસેથી જે આપણે મેળવ્યું છે. તે યથાશક્તિ પરત કરવું એ આપણો સંનિષ્ઠ પ્રયાસ હોવો જોઈએ. સફળતા મળે ત્યારે અભિમાન ન હોવું જોઈએ. અહંકાર એ પતનનો પાયો બને છે. જે સીડી આપણને ઉપર લઈ જાય છે તે નીચે પણ ઉતારી શકે છે. એ જ્ઞાન ગાંઠે બાંધી લેવું જોઈએ. જેવું કરીશું તેવું પામીશું એ ભાવ સમજી લઈ સુખી થયા પછી અન્યને કેમ સુખી કરી શકાય એવા ભાવ ધરાવી એ તો સમાજ જલદી ઉન્નત થાય.

– જય જ્ઞાતિમૈયા

# અન્યના દુઃખે દુઃખી, સુખમાં સુખી થઈએ

આજે જીવનમાં હિંસાનો પ્રભાવ વધયો છે. આપણે જાણ્યે અજાણ્યે હિંસામાં લિપ્ત છીએ. આપણા દુઃખોનું કારણ માંનું એક એ છે કે આપણે હિંસામાં પ્રવૃત્ત છીએ. હિંસા એટલે કોઈનો જીવ લેવો એ નથી. હિંસાને આપણે સુક્ષ્મ રૂપમાં વિચારવાની છે. કોઈનું દિલ દુભાવવું, કોઈના પર અતિક્રોધ કરવો, કોઈની માન હાનિ કરવી, નિંદા કે ટીકા કર્યા કરવી. કોઈની પ્રત્યે વેરવૃત્તિ રાખવી, તેનું બુરું ઈચ્છવું, કોઈપણ જીવને ક્યાંય પણ રીતે, કોઈપણ પ્રકારે તેને દુઃખ પહોંચાડવામાં નિમિત બનવું એ પણ હિંસા છે. માત્ર કોઈની હત્યા કે કતલ નહીં કરવાથી હિંસા મટી જતી નથી. આમ હિંસા આપણા જીવનમાં સૂક્ષ્મ રીતે યેનકેન પ્રકારે આપણા સ્વભાવને સંસ્કારમાં પ્રસરેલી છે, વ્યાપેલી છે. ભલે પછી તે ક્રોધના રૂપમાં હોય લાભ કે લાલચના રૂપમાં હોય. પ્રગટ કે અપ્રગટ હિંસાના ભાવો દૂર થઈ જાય તો મૈત્રી ભાવના વધુ વિકસિત બને. આપણી અંદર રહેલા આવા સૂક્ષ્મ હિંસાના ભાવો આપણા જીવનમાં અશાંતિ ઊભી કરે છે.

## સેક્રેટરીના બે બોલ..




નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


આપણા જીવનમાં દુઃખી હોવાનું બીજું કારણ સાચા અર્થમાં જે પ્રેમ પ્રગટ થવો જોઈએ તે થતો નથી. જ્યાં પ્રેમ હોય ત્યાં કોઈને દુઃખ આપવાની વાત સંભવી શકે નહીં. સૂક્ષ્મ હિંસાનો આ ખ્યાલ પ્રેમ ભાવમાંથી પ્રગટ થયેલો છે. હિંસાનો ભાવ જો મનમાંથી દૂર થઈ જાય તો પ્રેમ પ્રગટ થયા વગર રહે નહીં. ધર્મ આપણને શીખવે છે કે સરળતાથી અને સહજતાથી જીવવું, આનંદપૂર્વક જીવવું. કોઈને સુક્ષ્મ રીતે નડવું નહીં, કોઈને સહજ કનડવું નહીં. કોઈને આડે આવવું નહીં, ને કોઈના માટે બાધારૂપ બનવું નહીં.

જીવન દુઃખી હોવાનું ત્રીજું કારણ દંભ, દેખાવ અને આડંબર છે. આપણે જેવા છીએ તેના કરતાં જુદી રીતે જીવીએ એક જાતનો મુખવટો છે. બહારનું અને અંદરનું જીવન જુદું ન હોવું જોઈએ. જેવા છીએ તેવા રહીએ. કાંઈ ઊણપ હોય તો તેને સુધારીએ. માત્ર ઉપરથી ટાપટીપ કરવાથી અંદરની બૂરાઈને દૂર કરી શકાતી નથી.

જીવનમાં દુઃખ સર્જતમાં અહંકાર, મોહ અને આસક્તિ, પરિગ્રહના ભાવના વિગેરે કારણરૂપ છે. પદ અને પ્રતિષ્ઠાનો મોહ, નામનો ગુમાન. પરિવાર કે સગાઓની આસક્તિ આપણે અન્યોને નગણ્ય કરી દઈએ છીએ. આમ દુઃખ આપણી પોતાની સર્જત છે. આપણે જેવું કરીએ છીએ તેવું તેનું પરિણામ આપણે પામી છીએ. સુખ કે દુઃખ કોઈ કોઈને આપી શકતો નથી. સિવાય કે સામેવાળો વ્યક્તિ એ લેવાની તૈયારીમાં હોય, સુખ આપણી પાસે હોય ત્યારે કોઈની આપદામાં મદદરૂપ થઈએ તો એનાથી સર્જાતુ સુખ તે વ્યક્તિને પહોંચે છે. પ્રશ્નો, મુશ્કેલીઓ અડચણો આવતી રહે છે. પણ તેનું પરિણામ બીજાની ઉપર ઢોળવું ન જોઈએ. બીજાનું સારું જોઈએ, તે સુખી થાય એવી માત્ર ઈચ્છા રાખીએ, તે સુખી રહે એવી કામના કરીએ, એનો અહેસાસ રાખીએ એ બહુ ઊંચી વાત છે. બીજાનું દુઃખ જોઈ પોતે દુઃખ અનુભવે અને બીજાને માટે પણ પોતે સુખ ઈચ્છે એ માણસ મોટો છે, મહાન છે, મહાત્મા જેવો છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ એ કરી 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ'ની અનોખી ઉજવણી



શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા, ૧૨મી ડિસેમ્બર ૨૦૨૨એ, 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ' નિમિત્તે, મુંબઈ અને તેની આસપાસ રહેતા દિવ્યાંગોને તેમના માતા-પિતા/કેરટેકર્સ સાથે દક્ષિણ મુંબઈના પર્યટન માટે લઈ જવામાં આવ્યા હતા. દિવ્યાંગ સમિતિના માનદ અધ્યક્ષ કાશ્મીરાબેન લુઠીયા, માનદ્ ઉપાધ્યક્ષ નીનાબેન સાયલા, માનદ સેક્રેટરી શિલ્પાબેન અજાણી અને સમસ્ત મહાજનના કાર્યકર્તા મનીષભાઈ લોડાયા સહિત કુલ ૨૮ સહભાગીઓ આ પ્રવાસમાં જોડાયા હતા.





# દિવ્યાંગ સમિતિ દ્વારા 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ'ની અનોખી ઉજવણી



સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશિથ દંડનું પીઠબળ અને દિવ્યાંગ સમિતિના કન્વીનર શ્રી રાજેન્દ્રભાઈ ખોનાનું પ્રોત્સાહન તો દિવ્યાંગ સમિતિના અધ્યક્ષ શ્રીમતી કાશ્મીરાબેન લુઠીયાને, આ પ્રકલ્પ માટે, પ્રારંભથી જ પ્રાપ્ત થયેલ.

બપોરે ૨:૩૦ થી ૩:૦૦ ની વચ્ચે સૌ કોઈ CSMT (વીટી)સ્ટેશન પર એકત્રિત થયા. આવેલા સર્વેને ચા કોફી પાઇ સમિતિના સભ્યો બધાને સ્ટેશનની બહાર આવેલા બસ ડેપો તરફ લઈ ગયા. અહીં બરાબર ૩:૩૦ વાગ્યે નિલાંબરી open deck (ખુલ્લી ડેકવાળી) બસ આવી પહોંચી. દિવ્યાંગો તથા તેમના આપતજનોની એક અનેરી સવારી લઈને લગભગ ૩:૪૫-૪:૦૦ની વચ્ચે બસ ત્યાંથી ઉપડી. એક કાર-ડ્રાઇવર સતત સાથે રહે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી, જેથી જરૂર પડ્યે; કોઇ પણ સમસ્યા ઊભી થતાં, તરત જ તેની સહાય લઈ શકાય. જીપીઓ, એશિયાટિક લાઇબ્રેરી, આરબીઆઈ, લાયન ગેટ, ગેટવે ઓફ ઈન્ડિયા, એનસીપીએ અને મરીન ડ્રાઈવ જેવા દક્ષિણ મુંબઈના કેટલાક ઐતિહાસિક સ્થળો અને ઇમારતોની ઝાંખી કરાવતી નિલાંબરી બસ આવી પહોંચી ચોપાટીના દરિયા કિનારે. ચોપાટી ની ભેળ અને આઈસ્ક્રીમ ની સાથે-સાથે રમતગમત ની મોજ માણી સૌએ સૂર્યાસ્તનો સુંદર નજારો માણ્યો. અહીં એક અનોખી ઘટના ઘટી. ચોપાટી ના રસ્તે કોઈ વીઆઈપીની ગાડી પસાર થવાની હતી જેના કારણે ત્યાં પોલીસ બંદોબત હતો અને રસ્તા પર ઉભેલી બસને ત્યાંથી હટાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. પરંતુ ફરજ બજાવતા પોલીસ અધિકારીને ખબર પડી





# દિવ્યાંગ સમિતિ દ્વારા 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ'ની અનોખી ઉજવણી



કે આ તો દિવ્યાંગજનોને લઈ આવનારી બસ છે. સૌ દિવ્યાંગજનો ને બીચ પર મોજ માણતા જોઈ પોલીસ અધિકારી નું કઠણ હૃદય પણ ગદગદ થઈ ગયું! એક દિવ્યાંગ દીકરી તેમને મળવા પણ ગઈ. તેમને થોડીવાર બસ ઉભી રાખવા દેવાની પરવાનગી માટે વિનંતી કરવા ગયેલા શિલ્પાબેન અજાણી ને તે અધિકારીએ કહ્યું, ''જો આ દિવ્યાંગ દીકરી મારી પાસે હજુ થોડો વખત ઉભી હોત તો હું મારા આંસુ રોકી શક્યો ન હોત. તમે બેફિકર થઇને જોઈએ તેટલી વાર સુધી અહીં બસ ઊભી રાખી શકો છો. તમને કોઈ કાંઈ નહીં કહે.'' પછી તો તેમણે સૌ દિવ્યાંગો સાથે હેન્ડશેક કરી અને ફોટો પણ પડાવ્યો. ચોપાટી પર ભેળ, આઈસ્ક્રીમ, ડાન્સ અને રમતગમત ની મોજ માણી, પ્રવાસીઓએ સુંદર સૂર્યાસ્ત પણ જોયો.

ચોપાટીથી નીકળી, બાબુલનાથ મંદિરની સામી ગલીમાં આવેલા શ્રી સહસ્ત્રફેણા પાર્શ્વનાથ પ્રભુ ના દેરાસરમાં દર્શન કરવા સૌ ગયા. દેરાસર ભોંયતળિયે હોવાથી પ્રવાસીઓને ઓછી અગવડતા પડશે વિચારીને આ દેરાસરમાં જવાનું નક્કી કર્યું હતું. ત્યાંના ટ્રસ્ટીઓને પહેલેથી જ સંપર્ક કરી, જણાવવામાં આવ્યું હતું કે દિવ્યાંગજનોને દર્શન કરવા માટે લઈ આવીશું. ત્યાંના ટ્રસ્ટી શ્રી દિલીપભાઈ ઝવેરી નો ખુબ જ સાથ અને સહકાર સાંપડ્યો. તેમને ખબર પડી કે દર્શનાર્થે દિવ્યાંગજનો આવવાના



# દિવ્યાંગ સમિતિ દ્વારા 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ'ની અનોખી ઉજવણી





છે એટલે તરત જ તેમણે બધી જ સગવડ કરી આપી. તેમની સાથે ફોન પર વાતચીત થઈ ત્યારે તેમણે કહી દીધેલું, ''તમે ફક્ત દિવ્યાંગજનોને અહીં લઈ આવો. બસ પાર્કિંગ થી કરીને; તેમને સુંદર રીતે દર્શન થઈ શકે તેની દરેક સગવડ અમે અહીં કરી આપશું.'' અને તેમણે ખરેખર ત્યાનાં મહેતાજી સહિત સાત માણસોને તૈયાર રાખેલા જેથી દિવ્યાંગજનોને બસમાંથી ઉતારી અને દેરાસરમાં લઈ જવાય અને અને કોઈપણ અગવડતા વગર દર્શન કરી શકાય. આથી દર્શન તો બહુ જ શાંતિથી અને સરસ રીતે થઈ શક્યા. સાથે-સાથે ખાસ દિવ્યાંગો માટે, રોજના નિર્ધારિત સમયથી પણ વહેલા આરતી કરવાની પરવાનગી પણ અપાઈ. આરતીના લ્હાવાએ તો આ સફર પર સ્વર્ણકળશ ચડાવ્યો. બધાને પ્રભાવના પણ અપાણી.

હવે ત્યાંથી બસ ઉપડ્યા પછી મુંબઈના રાત્રી દર્શન ની બધાએ મોજ માણી. આગળના પ્રવાસમાં તારદેવ, હાજી અલી, વર્લી સીફેસ, બાંદ્રા વર્લી સીલિંક,ચર્ચગેટ અને ફ્લોરા ફાઉન્ટન નાં નજારા શામેલ હતા. આ પ્રવાસ ખૂબ જ રોમાંચક હતો કારણ કે રાત્રિનો સમય, ઠંડી હવા , ઓપન ડેક બસ અને અંધારામાં જગમગતી લાઈટોમાં મુંબઈ -દર્શન. અહીં બાંદ્રા-વરલી સી-લીંક ની જે સવારી હતી એ ખૂબ જ સુંદર હતી. કેટલાક દિવ્યાંગોએ તો પહેલીજ વખત બાંદ્રા-વરલી સી-લીંક જોયું ! બધા ખૂબ જ આનંદિત હતા! સહુએ અનેક ફોટાઓ અને વિડીયો ઉતાર્યા. પાછા વળતાં મુંબઈની કેટલીક પ્રતિષ્ઠિત ઈમારતો; જેમ કે વીટી સ્ટેશન, ચર્ચગેટ સ્ટેશન, વગેરે ને, રાત્રીના સમયે ખુબ જ સુંદર લાઈટિંગ કરાતી હોય છે તેનો નજારો જોયો. છેલ્લે જ્યાંથી બસ નીકળી હતી પાછી ત્યાં જ, વીટી સ્ટેશનના બસ ડેપો પાસે, સહુને લઈ જવાયા અને ત્યાંથી સહુ છૂટા પડી પોત-પોતાના ઘરે ગયા.

શ્રીમતી કાશ્મીરાબેન કાંતિલાલ વિકમશી દ્વારા સ્વર્ગસ્થ શ્રી કાંતિલાલ કરમશી વિકમશીની સ્મૃતિમાં નીલાંબરી બસ સ્પોન્સર કરવામાં આવી હતી. શ્રી રાયચંદ કાનજી ધુલ્લા પરિવારે તેમનાં લાડીલા, સ્વર્ગસ્થ રિતેશ વિજય ધુલ્લાની સ્મૃતિમાં નાસ્તાના બોક્સ સ્પોન્સર કર્યા હતા. એક સદગૃહસ્થ દ્વારા વિદાય ભેટ ગુડીઝ બેગ, પ્રાયોજિત કરવામાં આવી હતી. સમિતિના શ્રીમતી પારૂલબેન મોતાએ પરિવાર દીઠ શોપીંગ બેગની ભેટ આપી તો નીનાબેન સાયલાએ ઈનામો સ્પોનસર કર્યા. કાશ્મીરાબેન લુઠીયાએ સૌને ચહા કોફી અને ભેળપુરી ખવડાવ્યા તો શિલ્પાબેન અજાણીએ આઈસ્ક્રીમ.

''દર્શન માટે લઈજ જ જો'' એમ ભારપૂર્વક સૂચન કરવા સાથે દેરાસરના ટ્રસ્ટીઓ સાથે કોન્ટેક્ટ કરાવવામાં શ્રી અમિતભાઈ ધુલ્લાની મદદ પણ અનુમોદનીય છે.

નીનાબહેન શામજી મરચંટે સહુને ચીકીની લહાણી કરી તો બીનાબેન પોલડીયા બધા માટે કેક લઈ આવ્યા હતા.જીનલબેન લોડાયાએ પોતાના લગ્નની વર્ષગાંઠનિમિતેં સૌને ચોકલેટો વાટી.

કર્ણબધીર બહેનો કવિતા અને અર્ચના સાથે આવેલી ભાવના ખોનાએ પ્રભુ દર્શન કરીને જાણે તીર્થયાત્રા કરી હોય એવી લાગણી અનુભવી અને તેણે પણ સહયાત્રીકોને ₹ ૨૦ ની પ્રભાવના કરી.

આ રીતે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિત્તે આ પર્યટનના વિચારથી માંડીને વિદાય સુધી દરેક ડગલે, દિવ્યાંગ

# દિવ્યાંગ સમિતિ દ્વારા 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ'ની અનોખી ઉજવણી





સમિતિને અનુભવ થયો કે When you want something with all of your heart, the universe conspires to helping you achieve it. આનું તાત્પર્ય એ છે કે, જ્યારે તમે તમારા હૃદયથી કંઈક કરવા ચાહો છો, ત્યારે સમસ્ત બ્રહ્માંડ તમારું કાર્ય પાર પાડવા માટે તમારી વહારે આવે છે.

## સમિતિને મળેલા અનેક પ્રતિસાદોમાંનાં કંઈક

“ કોઈના ચહેરા પર લખાય<br>
તમારા કારણે સ્મિતના હસ્તાક્ષર<br>
એથી રૂડો ઓટોગ્રાફ મળે ક્યાં બીજે

“ Thank u so much<br>
To all organiser, sponsor<br>
We all enjoyed a lot<br>
It was great experience

“ Thank you so much to all organiser, sponsor mom n dad enjoyed very much...


“ Thankyou so much to all organizers and sponsors. Loved it. Great gifts and prize. Had a great time

“ I am thankful to you and all the sponsors for your great planning.'





# સુથરી તીર્થે સામુદાયિક અઠ્ઠમતપ સહ પોષ દશમીની ભવ્ય આરાધના







કચ્છ અબડાસાની પંચતીર્થીના મુખ્ય શ્રી સુથરી તીર્થે પરમાત્મા પાર્શ્વનાથના જન્મ-દીક્ષા કલ્યાણક નિમિત્તે સામુદાયિક અઠ્ઠમતપ સહ પોષ દશમીની આરાધના સહ પંચ દિવસીય જિનભક્તિ મહોત્સવનો શુભારંભ ગુરૂ ગુણોદય કૃપાપાત્ર પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ. પ્રવર્તક શ્રી પુન્યોદયસાગરજી મ. મુનિશ્રી મુક્તિરત્નસાગરજી, કંચનસાગરજી આદિઠાણા-૧૩ની નિશ્રામાં દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો.

આ અવસરે યોગાનુયોગ વિજયમુનિચંદ્રસૂરિજી મ. આદિ પધારતા સર્વ પૂજ્યોનું ભવ્ય સામૈયા સહ પધરામણી કરાવવામાં આવેલ. સુસાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.ના શિષ્યા સુસા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સંયમ રજત વર્ષની અનુમોદનાર્થે શ્રી સુથરી જૈન સંઘ દ્વારા વિધ વિધ દાતા પરિવારોના સથવારે પંચાન્હિકા મહોત્સવનું આયોજન થયું છે. આ પ્રસંગે વિધવિધ જિનભક્તિ અનુષ્ઠાનો યોજાયા છે. આગામી દિવસોમાં જૈન ભાગવતિ દીક્ષા શેરડી નગરે ગૃહણ કરનારા મુમુક્ષુ આત્માઓના દીક્ષા પ્રસંગની પત્રિકાના કંકુ છાંટણા પણ રખાયા છે.

# શ્રી રાણપર તીર્થની ૧૩૦મી ધ્વજારોહણ સહ ચૈત્ય પરિપાટીનું સસ્નેહ નિમંત્રણ

શ્રી કચ્છ રાણપર તીર્થની ૧૩૦મી ધ્વજારોહણ મહોત્સવ સહ ચૈત્ય પરિપાટી-અબડાસા સહ કંઠીના પ્રદેશોની તીર્થયાત્રા વિક્રમ સંવત ૨૦૭૯ મહાસુદ ૧૦ સોમવાર તા.૩૦ જાન્યુ. ૨૦૨૩ થી મહાસુદ ૧૩ ગુરૂવાર તા.૨ ફેબ્રુઆરી દરમ્યાન આયોજિત ચાર દિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પ્રસંગે પધારવાનું સસ્નેહ નિમંત્રણ છે.

નિઃશુલ્ક ચૈત્ય પરિપાટી શ્રી જખૌ તીર્થ, શ્રી નલિયા તીર્થ, શ્રી તેરા તીર્થ, શ્રી કોઠારા તીર્થ, શ્રી સુથરી તીર્થ, શ્રી સાંધાણ તીર્થ, શ્રી શેરડી તીર્થ, શ્રી દેઢિયા તીર્થ, શ્રી શિવમસ્તુ તીર્થ તથા શ્રી ૭૨ જિનાલય તીર્થ. વધુ માહિતી માટે સંપર્ક જીજ્ઞેશ ચંદ્રકાંત લોડાયા-૯૮૩૩૪૩૨૨૫૧.

# સમસ્ત ક.દ.ઓ.છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબા માતાજીની સમૂહ પહેડી સંપન્ન થઈ





છેલ્લા ૨૭ વર્ષોથી સમસ્ત ક.દ.ઓ. છેડા ગોત્ર મુંબઈમાં રેગ્યુલર સમુહ પહેડીનું આયોજન કરતું આવ્યું છે. આ વર્ષે ભાવિકોએ આપણા મુળ સ્થાન કચ્છમાં પહેડી કરવાનું નિર્ધારેલ અને તે માટે તેનું આયોજન શનિવાર, તા.૩ ડિસેમ્બરના રોજ માતાજીના મૂળ સ્થાનક 'અંબાજી ધામ' નલિયા કચ્છ મુકામે સમુહ પહેડીનું આયોજન થયેલ.

આ પહેડીમાં સ્થાનિક તેમજ બહારગામથી ૭૫ની સંખ્યામાં પધારેલ ભાવિકો તથા સ્થાનિક ભાવિકોએ ખૂબજ ભક્તિભાવથી પહેડી ઉજવી હતી.





માતાજીની અસીમ કૃપાથી પહેડી ધામધૂમ તથા ભક્તિભાવથી કોઈ જ જાતના વિઘ્ન વિના બહાર પડી હતી. તા. ૨ ડિસેમ્બરના રોજ સાંજના શ્રી ભલારાદાદાનો પાઠ તથા માતાજીના સ્થાનકે મહાકાળી માઁની ભાવના ભણાવવામાં આવેલ.

કિશોર સંગાર ગાયક વૃંદે ખૂબજ ભક્તિભાવથી માતાજીના સ્તવનો ગાઈને બધાને ભક્તિભાવમાં તરબોળ કર્યા હતા. પવન સાયલાએ ભોજનની વ્યવસ્થાનું સુંદર આયોજન કરી સ્વાદિષ્ટ વ્યંજનો પીરસી બધાને ખૂશ કરી દીધા હતા.

અતિથીગૃહ તથા આયંબીલ શાળામાં ભાવિકોના ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# કેનેડા સરકાર દ્વારા કચ્છી માડુ હેમંત લોડાયાને એવોર્ડથી નવાજીત કરાયા




કેનેડા નિવાસી મૂળ ભારત મૂળના કદઓ સમાજના વરાડીયાના અને કેનેડા વિનિપેગ સિટીમાં છેલ્લા ૪૮ વર્ષથી રહેતા હેમંત માણેકજી શાહ-લોડાયા-ગુંદરવાલાને કેનેડા સરકાર દ્વારા રાણી એલિઝાબેઝના પ્લેટિનમ જ્યુબિલીના રોયલ ક્રેફાઈટ અને હોનર સર્ટિફિકેટથી નવાજવામાં આવ્યા.

વિનિપેગના સાંસદના હસ્તે હેમંત શાહ લોડાયાને આ એવોર્ડ એનાયત કરાયો. તેઓ સફળ બિઝનેસમેન અને ખંતીલા સમાજસેવક છે. વર્ષ ૨૦૧૯માં તેમને ઈન્ડિયન સ્ટાર્સ એવોર્ડ મળ્યો હતો. કેનેડા-ભારત વચ્ચે વેપાર સંબંધો વિકસાવવા તેઓ સદૈવ પ્રયત્નશીલ રહ્યાં છે. તેઓ કેનેડા સરકારમાં સારી વગ ધરાવે છે. તેમના મંતવ્યોને સરકાર માન્ય પણ રાખે છે. આ એવોર્ડ મળ્યા બદલ ખુશી જતાવતા હેમંત શાહએ જણાવ્યું હતું કે કેનેડા ભારત વચ્ચે વ્યાપાર સંબંધો વિકસાવવામાં હું સેતુરૂપ બન્યો એ માટે સરકાર દ્વારા મારૂ સન્માન કર્યું છે. એક ભારતીય તરીકે વિદેશમાં કેનેડાની ધરતી પર આ સન્માન મેળવીને ગર્વની લાગણી અનુભવું છું.

# સમસ્ત મહાજન સ્વાભિમાન સમિતિની જ્ઞાતિના વડીલ વરિષ્ઠજનો માટે ઉપયોગી ધન્વંતરી મેડિકલ યોજના



## ધન્વંતરી યોજનામાં સહાયભૂત થનાર દાતાની અનુમોદના

**રૂા.૫૦ હજારનું અનુદાન સમસ્ત મહાજનની સ્વાભિમાન સમિતિની ધન્વંતરી યોજના માટે નોંધાવનાર સ્મિતાબેન રાયચંદ જીવાણી જખૌ-ડોંબિવલીની ભૂરી ભૂરી અનુમોદના.**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની સ્વાભિમાન સમિતિ દ્વારા અખિલ ભારતના તમામ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના વયોવૃધ્ધ વડીલ ૬૫ વર્ષ કે એનાથી ઉપરના સાધર્મિક જન માટે જેમની પારિવારિક માસિક આવક રૂા.૧૫ હજાર સુધીની છે. તેમને માટે ધન્વંતરી મેડિકલ યોજના હેઠળ દર માસે રૂા.૧ હજાર એક વર્ષ સુધી આપવામાં આવે છે. અત્યાર સુધી સમિતિ દ્વારા રૂા.૨.૩૫ બાળ જેટલા આપી દીધા છે.

ધન્વંતરી યોજનાને મજબૂત બનાવવા તેમજ લાંબા સમય સુધી મદદ અવિરતપણે આપી શકાય તે માટે સમસ્ત મહાજનને ઉદારદિલ દાતાશ્રીઓ પણ આવકાર્ય છે. આપની લક્ષ્મી આપણા વડીલોને આ મોંઘવારીના વખતમાં સહાયરૂપ બની રહે અને લક્ષ્મીનો સારો સહપયોગ થાય એ દ્રષ્ટિ રાખી ત્વરિત નામ લખાવવા સંપર્ક કરશો.


આ યોજનામાં વધુને વધુ દાતાઓ સહાયમાં જોડાય જેથી સ્વાભિમાન સમિતિ હજી વધારેનો વડીલોને આ યોજનામાં સમાવેશ કરી શકે.

વધુ વિગત માટે સંપર્ક શ્રીમતી હેમાબેન ગુલાબ છેડા (નલિયા-૯૮૪૪૦૪૪૪૨૮), રાયચંદ દેવશી જીવાણી (જખૌ)-૮૭૭૯૮૭૫૧૦૯, તેજપાલ લખમશી ધરમશી (લાલા)-૯૮૭૦૦૭૦૦૨૭૫.

## અમદાવાદમાં રાષ્ટ્રીય પરિસંવાદ કાર્યક્રમમાં ઈતિહાસકાર, સંશોધક વીરચંદભાઈ ધરમશી મુદ્રણમાં ચિત્રો : પ્રવેશ અને પ્રભાવ વિષયક પ્રવચન આપશે

નવજીવન મુદ્રણાલય અમદાવાદના સહયોગથી વિખ્યાત સાહિત્યકાર ગોવર્ધન રામ ત્રિપાઠીના પ્રમુખપદે સન ૧૮૯૮માં એમની જન્મભૂમિ નડિયાદમાં સ્થપાયેલ સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલયની સવા શતાબ્દીની ઉજવણી નિમિત્તે શનિવાર, તા.૨૪ ડિસેમ્બરના અમદાવાદ ખાતે વિષયોને આવરી લેતું રાષ્ટ્રીય પરિસંવાદ કાર્યક્રમમાં જે તે વિષય ઉપર વિદ્વાન સંશોધકો સંભાષણ આપશે.

આ કાર્યક્રમમાં સવારે ૧૧ થી ૧૨.૩૦ કલાકે ૨જી બેઠકમાં પુરાતત્વ, ફિલ્મ ઈતિહાસ કળા, સ્થાપત્ય જેવા અનેક વિધ ગહન વિષયોમાં ઊંડું ખેડાણ કરનાર સંશોધક સુથરી-નવી મુંબઈના વીરચંદભાઈ કલ્યાણજી ધરમશી મુદ્રણમાં ચિત્રો : પ્રવેશ અને પ્રભાવ વિષે મનનીય વક્તવ્ય રજૂ કરશે.



# સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિક ઈવેન્ટનું આયોજન




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની યુવા સમિતિ દ્વારા તા.૪ તથા તા.૫ ફેબ્રુઆરી ૨૦૨૩ દિને મુંબઈ મધ્યે નેશનલ યુવા કેડીઓ ઓલિમ્પિકનું આયોજન કરાશે. જેની વિગતવાર માહિતીની ટૂંક સમયમાં સૌને જાણકારી અપાશે.

# બોરગાંવ વર્ધામાં પૂનમ પ્રફુલ્લ મોમાયાએ શ્વાનને ઝેર આપી મારવા બદલ આરોપી વિરુધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી

મહારાષ્ટ્ર રાજ્યના વર્ધા જિલ્લાના રોડ લે આઉટ બોરગાંવમાં રહેતા ખમ્માબેન ઉર્ફે પૂનમ પ્રફુલ્લ શાહ-મોમાયાના નિવાસસ્થાન પાસે ૧૦ જેટલા શ્વાન-કૂતરા બેઠા રહે છે. આ શ્વાનોને તેમણે પાળ્યાં નથી. પણ જીવદયા ભાવને લીધે તેમને ખોરાક પાણી આપતા રહે છે અને પ્રાણી પ્રેમ દર્શાવે છે. થોડા દિવસ અગાઉ એક નશામાં ધૂત ઈસમ તેમના ઘર પાસેથી પસાર થયો તેની સામે કૂતરાઓ ભસયા. એટલે પૂનમબેનને તેણે કૂતરાઓને ઘરમાં રાખવાનું કહ્યું નહી તો તેમને ઝેર આપી મારી નાખીશ એવી ધમકી આપી. પરંતુ આ કૂતરાઓ તેમના પાળેલા ન હોતા એમને ઘરમાં રાખવાનો સવાલ ન હતો. એ દિવસે સાંજે આ કૂતરાઓ પૈકી ત્રણ બચ્ચાઓ મૃત્યુ પામેલા જોવા મળ્યા. જેને કારણે એ નશામાં ધૂત વ્યક્તિએ જે ધમકી આપી હતી. એ તેણે પાળી બતાવી એ શંકા દર્શાવી પૂનમબેન (ખમ્માબેન) મોમાયાએ શહેર પોલીસ સ્ટેશનમાં એની વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી. જે ઉપર કાર્યવાહી કરી પોલીસ વિભાગએ પશુ ક્રુરતા અધિનિયમ અંતર્ગત ગુનો નોંધી કેસ નોંધયું છે અને આગળની તપાસ પોલીસ વિભાગ કરી રહ્યો છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રમીલા ખોના**
તા. ૧૩ ડિસેમ્બર (ઉ.૭૮)
**જખૌ-ઘાટકોપર**



**જયા મૈશેરી**
તા. ૧૪ ડિસેમ્બર (ઉ.૭૩)
**મોટી સિંધોડી-વિરાર**



**લક્ષ્મી લાલકા**
તા. ૧૬ ડિસેમ્બર (ઉ.૮૬)
**સુજાપુર-વડાલા**





**ચિંતન મોતા**
તા.૧૬ ડિસેમ્બર (ઉ.૩૫)
**વારાપધર-હૈદ્રાબાદ**



**નવલ દંડ**
તા.૧૭ ડિસેમ્બર (ઉ.૭૭)
**લાલા-નડીયાદ**



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે જીલ્લા પંચાયત સ્ટેમ્પ ડ્યુટી ગ્રાન્ટ હેઠળ ૬૮ એલઈડી લાઈટ લગાડવામાં આવતા ગામના અંતરિયાળ વિસ્તાર પ્રકાશથી ઝળહળ્યા છે. નલિયાના મફત નગર, એસ.ટી.નાકાથી ઘોડા સર્કલ સુધી, ધાર્મિક સ્થળોની આસપાસનો વિસ્તાર અને ગામના પછાત વિસ્તારમાં એલઈડી લાઈટ લગાડવા પાછળ રૂા.બે લાખના ખર્ચ કરાયો હતો. એલઈડી લાઈટોનો જથ્થો જીલ્લા પંચાયતે પહોંચાડ્યો હતો. આ સુવિધાને કારણે ગ્રામ પંચાયતે રોડ લાઈટ સેવાનું વિસ્તરણ કર્યું હોવાની જણાવી બીજા તબક્કામાં અન્ય વિસ્તારોમાં પણ એલઈડી લાઈટ લગાડવામાં આવશે એવું સરપંચ રામજીભાઈ કોલીએ જણાવ્યું હતું.

● નલિયાની રેફરલ હોસ્પિટલમાં રૂા.૨૧.૬૦ લાખના ખર્ચે ત્રણ ડાયાલિસીસ મશીન આવતા ડાયાલિસીસ સેન્ટરનો પ્રારંભ કરાયો છે. કિડનીઓના દર્દીઓને આ માટે ભુજ કે માંડવી જવું પડતું હતું. ગામના આગેવાનોની હાજરી વચ્ચે સરપંચ રામજીભાઈ કોલીએ વિધિવત રીતે આ સુવિધાનો આરંભ કરાવ્યા હતો. અધીક્ષક ડૉ.દીપક દુલેરાએ મફત ડાયાલિસીસની સુવિધા જરૂરતમંદોને નલિયા ખાતે ઉપલબ્ધ બનશે એવું જણાવ્યું હતું. આ મશીન સંચાલન માટે સ્ટાફની નિયુક્તિ કરાઈ છે.

● અબડાસાના મત્સય બંદર તરીકે વિકસેલા જખૌ બંદરે ૧૦૦ જેટલા સ્થાનિક પરિવારો જ્યારે ૧૫૦૦ થી ૧૭૦૦ પરિવાર ગુજરાતના અલગ અલગ પ્રાંતથી આવી વસવાટ કરે છે. પાંચ દાયકાથી વધુ સમયથી જખૌ બંદરે માછીમારી વસાહતને સુરક્ષા મુદ્દે કાંઠાળ વિસ્તારમાં હટી જવાની નોટિસ અપાતા ૩૦૪ જેટલા પરિવારો જખૌ બંદરને અલવિદા કરી આસપાસના ગામોમાં મકાન ભાડે રાખી હિજરત કરી રહ્યા છે. જખૌના દરિયામાંથી ૧૦૦ ટન જેટલો માછલીનો જથ્થો મળી આવે છે. એ જ પ્રમાણે છેવાડાના મોહાડી ગામના દરિયાકાંઠા વિસ્તારમાં પાંચ કાચા મકાનો, પાણીના ટાંકા સહિત એકદરે ૧૩ જેટલા દબાણ પોલીસ બંદોબસ્ત વચ્ચે જખૌ મરીન પી.એસ.આઈ અને વાયોર પી.એસ. આઈની ઉપસ્થિતિમાં દૂર કરાયા હતા.

● કેન્દ્ર સરકારની કેબિનેટમાં લેવાયેલા નિર્ણય મુજબ કચ્છની ખાડીમાં કંડલા ખાતે તુણા ટેકરી પર મલ્ટિપર્પઝ કાર્ગો બર્થના વિકાસને મંજૂરી આપવા અને જાહેર ખાનગી ભાગીદારી પીપીપી મોડલ હેઠળ બીઓટી બિલ્ડ ઓપરેટર અને ટ્રાન્સફર ધોરણે કન્ટેનર ટર્મિનલ વિકસિત કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણયથી કચ્છના જળમાર્ગે વિકાસની ભરતીના પગરણ થશે.

● નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર જૈન સેવા સંસ્થાના ઉપક્રમે દાતાઓના સહયોગથી મેઘજી સેજપાલ જૈન આશ્રમના વયસ્કોને માંડવીના મહેરામણની સહેલગાહે લઈ જવાયા હતા. બંદર કાંઠે તેમના માટે પ્રશ્નોત્તરી, ફુગ્ગા ફુલાવ, પાસિંગ ધ બોલ વિગેરે રમત રમાડાઈ હતી. તમામ વડીલોને નવા વસ્ત્રોની ભેટ અપાઈ હતી.

● લંડનમાં હાઈસ્પીડ અન્ડર ગ્રાઉન્ડ રેલ્વેના દ્વિતીય વિભાગનું કાર્ય ટનલ ખોદવાથી શરૂ કરાયું. જેના પ્રથમ મશીનનું નામ કચ્છના સુશીલા હીરાણીનું નામથી રખાયું હતું. જે કચ્છ માટે ગૌરવપ્રદ છે. શિક્ષિકા સુશીલાબેનએ કહ્યું કે ડેરીમીડોવના વિદ્યાર્થીઓએ આ સન્માન માટે મારૂં નામ આગળ કરવાનું પસંદ કર્યું. શાળામાં ડિઝાઈન ટેકનોલોજી સાથે સંકળાયેલા આ યુવતી યુવાનોને એન્જિનીયર સાથે જોડવા સતત પ્રેરણા આપતા રહ્યાં છે. આ ટનલ મશીનને સુશીલા હીરાણીએ સ્ટાર્ટ અપાવ્યો હતો. વિદ્યાર્થીઓએ સ્થાનિક શિક્ષિકા સુશીલા હીરાણીને નોમિનેટ કર્યા પછી પ્રથમ મશીન સુશીલા નામ આપવામાં આવ્યું.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)